# સદગુરુ ની શરણમાં સદગુણ ની શિક્ષા પ્રાપ્ત થાય છે

● વડોદરા, તા.૨૨

તા.૨૨/૦૬/૨૦૨૫ રવિવાર ના રોજ નિરંકારી સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજ ના આશિષ થકી નારી સંત સમાગમ એસ. એસ જી મેડિકલ કોલેજ ની બાજુ આવેલ મુખ્ય ઓડિટોરિયમ માં સવાર ના ૦૯.૩૦ લઈ ૧૨.૩૦ સુધી જબલપુર મધ્ય પ્રદેશ થી પધારેલ આદરણીય બહેન શ્રી ખુશ્બુ નાગપાલજી ની અધ્યક્ષતા માં આયોજન કરવામાં આવ્યું.

વડોદરા ઝોનલ માંથી અંકલેશ્વર, ભરૂચ,રાજપીપળા, આણંદ, વલ્લભ વિદ્યાનગર તથા બીલ થી બહુ માત્રામાં બહેનો પધારી જૂદી જૂદી ભાષામાં વિચાર તેમજ ભજન રજૂ કરી સદગુરુ માતાજી ના આશીર્વાદ ને પાત્ર થયેલ છે.

નારી તું નારાયણી એવા ભાવ આજે પણ સંસારમાં ઉજાગ છે નારી શક્તિ માં નારી ની પ્રેમાળ ભાવના આ રહેલ છે જે પરિવારો ને ઉજાળા કરે છે સદગુરુ માતા સુદીક્ષાજી




મહારાજ નું આહવાન છે કે આજે નારી ફક્ત કુટુંબીક જવાબ દારી જ નથી સંભાળતી સાથે સાથે સમાજના ઉત્થાન નું પણ કાર્ય કરે છે.

આશિષ વિચારો માં એજ જણાવ્યું કે સંસારની મોહ માયામાં મન વિચરણ કરતું હોય છે. જ્યારે પણ સદગુરુ ના ચરણોમાં મન ભક્તિમાં રંગાય છે. ત્યારે મન ગદગદ થાય છે. પ્રભુ ભક્તિમાં સમર્પિત થાય છે. ત્યારે દુઃખનો અનુભવ નથી થતો. પણ સુખનો આનંદ થાય છે.

આજે નારી ઔધોગિક સાહસિક,વિમાન,પાયલોટ, શિક્ષક ,સમાજ સુધારક તરીકે પણ સેવા આપે છે.

ખરેખર સંસારમાં નારી નું ખૂબ મોટું યોગદાન.

ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં પહેલ

# ગ્રીનઝો એનર્જી સાથે ભાગીદારી કરી ઓસવાલ એનર્જીએ ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ શરૂ કર્યો

● અમદાવાદ, તા.૨૨

ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીસ લિમિટેડ ૩૨૦ કરોડનું મૂડી રોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ગ્રીનઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગા વોટના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલિવરી મળી જતા પ્રોજેક્ટ ની શરૂઆત થઈ છે. કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટર ની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથી 'બિલ્ટ, ઓપરેટ અને ટ્રાન્સફર' એટલે કે 'બાંધો, ચલાવો અને ટ્રાન્સફર કરી આપો'ના સિદ્ધાંત પર ૨૦ મેગાવોટનો પ્રોજેક્ટ શરૂ કર્યો છે. અડધા મેગાવોટ થી માંડીને ૫ મેગાવોટ સુધી ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટ્સ આગામી ૧૨ થી ૧૮ મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીનઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ઓસવાલ એનર્જીઝના મેનેજિંગ ડિરેક્ટર રતન બોકડીયા એ જણાવ્યું કે ઈલેક્ટ્રોલાઈઝરની ડિલિવરી માત્ર માલની ડિલિવરી નથી પરંતુ ઉર્જા ક્ષેત્રમાં પરિવર્તનની પાયાની કામગીરીના આરંભ બને છે. ગ્રીનઝો સાથેની ભાગીદારીમાં સફળતા હાંસલ કરવાની છે. ગ્રીનઝો એનર્જીની ઓર્ડર બુક વધીને રૂપિયા ૧૫૦૦ કરોડને ક્રોસ કરી છે. ગ્રીનઝો એનર્જીના એમડી સંદીપ અગ્રવાલે જણાવ્યું કે આમ આપેલા ઈલેક્ટ્રોલાઈઝરના સપ્લાય થકી ગ્રીન એનર્જીના મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં ભારતની વધી રહેલી ક્ષમતાનો પ્રસ્થાપિત થઈ રહી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે.

ગુજરાતના રાજ્યપાલ સાથે દિલ્હીના ઉપ-રાજ્યપાલે મુલાકાત કરી

# દિલ્હી અને ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, શહેરી વિકાસ, પર્યાવરણ સુધારણા અને જનકલ્યાણકારી યોજનાઓ વિશે બંને મહાનુભાવો વચ્ચે વિગતવાર વિચાર-વિમર્શ

● અમદાવાદ, તા.૨૨

ગાંધીનગરમાં ૨૨મીના રવિવારે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે દિલ્હીના ઉપરાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન દિલ્હી અને ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, શહેરી વિકાસ, પર્યાવરણ સુધારણા અને જનકલ્યાણકારી યોજનાઓ વિશે વિગતવાર વિચાર-વિમર્શ થયો હતો. તેમની વચ્ચે ઉષ્માભર્યો સંવાદ પણ થયો હતો. રાજ્યપાલ દેવવ્રતે કચ્છી શાલ ઓઢાડીને દિલ્હીના ઉપરાજ્યપાલનું અભિવાદન કર્યું હતું. તેમણે ગુજરાતના વડનગરના તોરણની પ્રતિકૃતિ ભેટ આપી હતી. દિલ્હીના ઉપરાજ્યપાલ પણ રાજ્યપાલ દેવવ્રતનું અભિવાદન કર્યું હતું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને ઉપ-રાજ્યપાલ વિનયકુમાર સક્સેના વચ્ચે થયેલી આ શુભેચ્છા મુલાકાત દરમિયાન બંને રાજ્યોના અનુભવો, રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી સુશાસન, સ્વચ્છ ઊર્જા, પ્રાકૃતિક કૃષિ અને સાતત્યપૂર્ણ શહેરી વિકાસ જેવા મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. ઉપ-રાજ્યપાલ સક્સેનાએ ગુજરાતની જનકલ્યાણકારી પહેલ અને પ્રાકૃતિક ખેતી જેવા અભિયાનોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, આ પ્રકારના નૂતન અભિગમ અને પ્રયાસો સમગ્ર દેશ માટે અનુસરણીય છે.

GSIDની સ્થાપના, જેના દ્વારા રૂ. ૬૦૦૦ કરોડ ખર્ચે ૬ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવશે

# ૨૦૩૬ના ઓલિમ્પિક માટે અમદાવાદ શહેરને સ્પોર્ટ્સ ઈકો-સિસ્ટમનું સેન્ટર ઓફ એટ્રેક્શન બનાવાશે

● અમદાવાદ,તા.૨૨

અમદાવાદ શહેર વર્ષ ૨૦૩૬ની ઓલિમ્પિક રમતોનું યજમાન શહેર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. જેના અનુસંધાને, રાજ્યમાં યોજાનારી આગામી ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સને અનુરૂપ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે ગુજરાત સરકારે ગુજરાત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (Guj®a Sports Infrastructure Development Corpo®aion Ltd.- GSID)ની સ્થાપના કરી છે. જે રૂ. ૬૦૦૦ કરોડના બજેટ સાથે ૬ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવશે. પેથાપુર, કરાઈ પોલીસ એકેડેમી, ગિફ્ટ સિટી, અને મણિપુર-ગોધાવીમાં નવી સ્પોર્ટ્સ સુવિધાઓ વિકસાવવામાં આવશે. એસજી હાઈવે ઉપર ૧ લાખ ચોરસ મીટરના વિસ્તારમાં મેગા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આયોજન થયું છે, જે આંબલી, ઘુમા, જોધપુર, શેલા, અને વેજલપુર જેવા વિસ્તારોને જોડશે. અમદાવાદની આસપાસના ૫ નાના શહેરો (કલોલ, સાણંદ, દહેગામ, બારેજા, મહેમદાવાદ)ને સેટેલાઈટ ટાઉન તરીકે વિકસાવવાની યોજના છે, જે ઓલિમ્પિકની તૈયારીઓને વેગ આપશે. જેના લીધે અમદાવાદ અને ગાંધીનગર ઓલિમ્પિકના ૮૦ ટકાથી વધુ રમતો યોજવા માટે સક્ષમ બનશે.

ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી જાહેર : ૩૫,૦૦૦ કરોડના નવા રોકાણ આવશે

# કેન્દ્રિય મંત્રાલય માન્યતા પ્રાપ્ત પ્રોજેક્ટસને એક જ માન્યતાથી કેન્દ્ર અને રાજ્યનો બેવડો સહાય પ્રોત્સાહન લાભ મળશે

● અમદાવાદ,તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની પ્રસ્થાપિત ઈમેજને વ્યાપક બનાવવા વધુ એક પોલિસી 'ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫' (GECMS-૨૦૨૫) જાહેર કરી છે. જેનો મુખ્ય હેતુ, ગુજરાતને ગ્લોબલ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનું પાવર હાઉસ બનાવવાનો છે. આ નવી નીતિની વિશેષતા એ છે કે, કેન્દ્ર સરકારના MeitY દ્વારા મંજૂરી અને સહાય પ્રાપ્ત આવા એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રિય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે અર્થાત ગુજરાતમાં સ્થપાનારા આવા MeitY મંજૂરી મેળવેલા પ્રોજેક્ટસને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર એમ બેવડા પ્રોત્સાહન લાભ મળી શકશે. આ પોલિસી કેન્દ્ર સરકારની ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ-ECMS પોલિસીને સુસંગત છે અને ૧૦૦ ટકા ટોપ-અપ અનુસરણ કરીને સરળતાએ ઓછામાં ઓછા સમયમાં સહાય પ્રોત્સાહન ઉપલબ્ધ કરાવાશે. આ પોલિસી દ્વારા રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રૂ. ૩૫,૦૦૦ કરોડથી વધુના નવા રોકાણો અને વધુને વધુ હાઈ સ્કીલ્ડ એમ્પ્લોયમેન્ટનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ભારત સરકારના MeitY દ્વારા એકવાર ECMS હેઠળ પ્રોજેક્ટ મંજૂર થયા પછી રાજ્યમાં સ્થપાનારા પ્રોજેક્ટ્સને આપમેળે સમાન ગ્રાન્ટ - સહાયપાત્ર બનશે અને કેન્દ્ર સરકાર દ્વારા સહાય ચૂકવાયા બાદ ૩૦ દિવસમાં રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન સહાય ચૂકવી દેવાશે. રાજ્યમાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ પણ કાર્યરત છે ત્યારે હવે, આ નવી નીતિના કારણે અપસ્ટ્રીમ ઈન્ડસ્ટ્રીને પણ વેગ મળશે. પરિણામ સ્વરૂપ, આયાત નિર્ભરતા ઘટશે અને ટેકનોલોજીકલ રેઝિલિયન્સમાં વધારો થઈ શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ GECMS પોલિસીને પરિણામે રાજ્યમાં મલ્ટી લેયર અને એચ.ડી.આઈ. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, લિથિયમ આયન સેલ, એસ.એમ.ડી. પેસિવ કમ્પોનન્ટ્સ, ડિસ્પ્લે અને કેમેરા મોડ્યુલ્સ, ઈલેક્ટ્રોનિક્સ પાર્ટસ તેમજ તેના ઉત્પાદન માટે જરૂરી વિશેષ મશીનરી સહિત આવશ્યક ઉદ્યોગો - એકમોને રાજ્યમાં રોકાણ માટે પ્રોત્સાહન મળતું થશે.

# સાવલી તાલુકામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના મતદાનમાં મતદારો એ ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું

● સાવલી, તા.૨૨

સાવલી તાલુકા ની ૨૬ ગ્રામ પંચાયત ની સરપંચ પદ ની ૬૭ બેઠકો અને સભ્યપદ માટે ૨૬૪ ઉમેદવારો માટે આજરોજ મતદાન યોજાયું હતું જેમાં કુલ ૫૫૧૫ મતદારો મતદારો નોંધાયેલા હતા અને મતદારો એ ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું અને મતદારો ની લાંબી કતારો જોવા મળી હતી સમગ્ર તાલુકામાં આજે સવારે ૭ વાગ્યે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન ચાલુ થયું હતું જેમાં ૯ થી ૩ વાગ્યા સુધીમાં ૧૩૮૨૪ પુરુષ અને ૧૪૨૨૨ સ્ત્રી મતદારો એ મતદાન કરતા કુલ ૨૮૦૪૬ અને ૫૪.૧૩ ટકા મતદાન ૩ વાગ્યા સુધીમાં નોંધાવા પામ્યું હતું જ્યારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૧૬૫૫૮ પુરુષ અને ૧૭૨૦૬ સ્ત્રી મતદારો એ મતદાન કરતા કુલ ૬૫.૩૬ મતદાન નોંધાવા પામ્યું હતું જ્યારે તાલુકાના કેટલા મતદાન મથકોમાં એક જ મતદાન બુથ માં ત્રણ ત્રણ



વોર્ડ ના મતદારોએ મતદાન કરવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું અને એક જ મતદાન કુટીર ઊભી કરવામાં આવી હતી તેના પગલે ભારે અંધાધૂંધી ફેલાઈ હતી પરિણામે મતદારો ને ભારે હેરાનગતિ ભોગવવાનો વારો આવ્યો હતો અને મતદાન નો સમય પૂર્ણ થઈ ગયા બાદ પણ લાંબી કતારો મતદારોની જોવા મળી હતી જોકે સમગ્ર તાલુકા માં ભારે શાંતિ પૂર્વક મતદાન પ્રક્રિયા ચાલી રહી હતી અને ભારે ગરમી અને બફારામાં પણ પરસેવે રેબઝેબ મતદારો એ મતદાન કર્યું હતું.

રાજ્યભરમાં આજે સરપંચનો રણસંગ્રામ જોવા મળ્યો હતો

# ગુજરાત રાજ્યમાં સરપંચનો રણસંગ્રામ, અરવલ્લીમાં સરપંચના ઉમેદવાર પર હુમલો, ઉત્સાભેર મતદાન થયું

● ગાંધીનગર, તા.૨૨

રાજ્યભરમાં આજે સરપંચનો રણસંગ્રામ જોવા મળ્યો હતો. ગ્રામપંચાયતની ચૂંટણી માટે આજે મતદાન થયું હતું વહેલી સવારથી જ મતદારો મતદાન માટે ઉમટી પડ્યા હતાં ગ્રામ્ય વિસ્તારમાં મતદાન માટે મતદારોનો ઉત્સાહ અનેરો જોવા મળ્યો હતો આજે રાજ્યભરમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન થયું હતું રાજ્યની ૩,૫૪૧ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી જ્યારે ૩૫૩ ગ્રામ પંચાયતોની પેટાચૂંટણી યોજાઈ હતી . ૩,૬૫૬ સરપંચ, ૧૬,૨૨૪ સભ્યોની બેઠક માટે ચૂંટણી થઈ છે. રાજ્યમાં ૧૦,૪૭૯ મતદાન મથકો પર મતદાન મથકો પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અરવલ્લીમાં સરપંચના ઉમેદવાર પર હુમલાનો બનાવ બન્યો છે. ગ્રામ પંચાયતના મતદાન વચ્ચે સરપંચના ઉમેદવાર પર હુમલો થયો. વણીયાદ ગામમાં ઉમેદવાર સૌરભ ત્રિવેદી પર ઘાતક હુમલો થયો. ઉમેદવારની કાર પર પથ્થરમારો કરાયો. ઘાતક હુમલો કરતાં સારવાર માટે ખસેડાયા છે. ૧૨ જેટલા અસામાજિક તત્વો પર હુમલો કર્યાનો આરોપ તેમણે લગાવ્યો છે. આ ઘટના અંગે ટીંટોઇ પોલીસને જાણ કરાઇ બોટાદ જિલ્લાની ગ્રામ પંચાયતની ચૂંટણીનો જામ્યો માહોલ છે. આ વચ્ચે ચૂંટણીમાં ફરજ બજાવતા પોલીસ કારીઓની માનવતા જોવા મળી. ગઢડા તાલુકાના ભીમડાદ ગામેં ચૂંટણીમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓની



ફરજ સાથે માનવતા સામે આવી. સિનિયર સિટીઝનોને પોલીસ કર્મીઓ દ્વારા મતદાન મથક સુધી પહોંચાડવા મદદ કરતા જોવા મળ્યા. પોલીસ કર્મીઓની આ કામગીરી સિનિયર સિટીઝનો બિરદાવી રહ્યા છે કચ્છના ગામડાઓમાં મહિલાઓ પણ ચૂંટણી માટે મતદાન કરવા મોટી સંખ્યામાં નીકળી પડી છે. લખપતના નાની વિરાણીમાં મતદાન કરવા સમાજની મહિલાઓ ઉમટી. લોકઉત્સવ સમી આ ચૂંટણી ગ્રામીણ વિસ્તારોમાં પંચાયતનું મહત્વ દર્શાવી જાય છે.પોતાના વતન કરોલી પ્રાથમિક શાળા ખાતે સાંસદ રાજપાલસિંહ જાદવે પરિવાર સાથે મતદાન કર્યુ. કરોલી ખાતે ગ્રામ પંચાયતના સરપંચ અને વોર્ડના સભ્યો માટે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોને વધુમાં વધુ મતદાન કરવા તેમણે અપીલ કરી. સમરસ ગ્રામ પંચાયતોને પણ સાંસદ રાજપાલસિંહ જાદવે શુભેચ્છાઓ આપી. નવસારીના ગણદેવી તાલુકાના અમલસાડ ગામે ૬ હાજરથી વધુ મતદારો હતાં જેમાં પ્રથમ વખત મતદાન કરવા આવેલી ધ્રુવીએ પ્રથમ પોતાના ગામના જ સરપંચને ચુંટી ગ્રામ સરકાર બનાવવા પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યાની ખુશી વ્યક્ત કરી હતી.

જ્યારે ૧૦૧ વર્ષના શાંતાબેન નાયકે પણ નાદુરસ્ત તબિયત અને ચલાવાની અસમર્થતા વચ્ચે પણ ગામના વિકાસને ધ્યાને રાખી પોતાનો કિંમતી મત આપ્યો હતો લુણાવાડા તાલુકાની ભમરા, મધવાસ, ગ્રામ પંચાયતની ચૂંટણીનું મતદાનમાં લાંબી લાઈનો લાગી હતી ઝરમર ઝરમર વરસાદી માહોલમાં લોકો પોતાનો કિંમતી મત આપવા માટે મોટી સંખ્યામાં મહિલાઓ બુથ પર પહોંચી હતી

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ગ્રામ પંચાયતની ચૂંટણીનું મતદાન શરૂ થઈ ગયું છે. જિલ્લામાં ૧૧૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૨૮ ગ્રામ પંચાયત સમરસ થઈ. જિલ્લામાં ૮૬ ગ્રામ પંચાયતોની યોજાઈ છે વહેલી સવારથી જ મતદારોની લાંબી કતાર જોવા મળી હતી ખાસ કરીને મહિલાઓની સંખ્યા વધુ પ્રમાણમાં જોવા મળી હતી

ચાલકના જણાવ્યા અનુસાર કૂતરું આડે આવતાં દુર્ઘટના સર્જાઈ હતી

# દાહોદમાં એસટી બસ વલ્લભચોક ખાતે ટ્રાન્સફોર્મર પાસેની દીવાલ સાથે અથડાઇ

● દાહોદ, તા.૨૨

દાહોદ શહેરમાં બેફામ દોડતી એસટી બસોને કારણે મોટી દુર્ઘટનાના ડોકાતા ભય વચ્ચે આજે વહેલીપરોઢેપૂરપાટ દોડી આવતી જામનગર-દાહોદ એસટી બસ શહેરમાં પ્રવેશ્યા બાદ દેસાઈવાડ સ્થિત વલ્લભ ચોકમાં બેકાબુ બની વીજ ટ્રાન્સફોર્મર અને તેનીપાસેની દિવાલ સાથે ધડાકાભેર અથડાતા દિવાલ તૂટી જવાપામી હતી તેમજ વીજ ટ્રાન્સફોર્મરને ભારે નુકસાન થવાપામ્યું હતું. જેનાપગલે આસપાસના સમગ્ર વિસ્તારમાં વીજળી ડુલ થઈ જતા અંધારપટ છવાયો હતો. એસટી બસ એટલી જોશભેરપાસેના વીજપોલ સાથે અથડાઈ હતી કે લોખંડનો વીજપોલપણ બેન્ડ થઈ ગયો હતો. જોકે ચાલકના જણાવ્યા અનુસાર કૂતરું આડે આવતા આ દુર્ઘટના સર્જાઈ હતી.પરંતુ ઉલ્લેખનીય છે કે શહેરના ગોધરા રોડ વિસ્તારમાં એક અઠવાડિયામાં આ ત્રીજી ઘટના છે દાહોદ શહેરમાં યમદૂતની બની માતેલા સાંઢની જેમ ધસમસતી દોડી આવતી આ એસટી બસો કોઈક દિવસ કોઈ મોટી દુર્ઘટના સર્જશે અને કંઈ કેટલાના જીવ લેશે તે નક્કી છે. જેથી કરીને




શહેરમાં બેફામ દોડતી એસટી બસોપર નકેલ કસવાની તાતી જરૂર છે. આજરોજ વહેલી સવારેપોણા ચાર વાગ્યાના સુમારેપૂરપાટ દોડી આવતી જામનગર-દાહોદ એસટી બસ દાહોદના સ્ટેશનપહોંચે તેપહેલા જ શહેરના તળાવ સ્થિત વલ્લભ ચોકમાં બેકાબુ બની ટ્રાન્સફોર્મરપાસેની બાઉન્ડ્રી વોલ તોડી ટ્રાન્સફોર્મર સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેનાપગલે વીજ સપ્લાય ખોરવાતા આસપાસના વિસ્તારમાં અંધારપટ છવાયો હતો.

# અમદાવાદમાં ક્રેશ થયેલા પ્લેનનો કાટમાળ એરપોર્ટ ખસેડતી વખતે અકસ્માત, વિમાનની ટેલ ઝાડમાં ફસાઈ

● અમદાવાદ, તા.૨૨

અમદાવાદ પ્લેન ક્રેશ ઘટના બાદ હ્વય્ઝછ ની ટીમ દ્વારા વિમાનનો કાટમાળ ઘટનાસ્થળેથી એરપોર્ટ લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે વિમાનની ટેલ ઝાડમાં ફસાતા ટ્રક અટકી ગઈ હતી. આ ઘટના એસીબીની કચેરી નજીક બની હતી. વિમાનનો કાટમાળ એક ટ્રક પર લઈ જવામાં આવી રહ્યો હતો. જોકે અકસ્માતને પગલે શાહીબાગ ડફનાળાથી કેમ્પ હનુમાન મંદિર સુધીનો રસ્તો ઠપ થઈ ગયો હતો અને ટ્રાફિક જામના દૃશ્યો સર્જાવા લાગ્યા હતા. ત્યારબાદ પોલીસે શાહીબાગ ડફનાળાથી કેમ્પ હનુમાન મંદિર સુધી એક સાઈડનો રસ્તો બંધ કરવાની ફરજ પડી હતી. અહીં નોંધવું ઘટે કે,દુર્ઘટના બાદ હ્વય્ઝછ ની ટીમ કાટમાળ ખસેડી રહી છે. ક્રેશ સાઈટથી ખસેડી તે એરપોર્ટ ખાતે એક ખાસ સ્થળે મૂકવામાં આવી રહ્યો છે. વિમાન ક્રેશના કારણોની તપાસ સુધી હ્વય્ઝછ પાસે જ રહેશે. એરપોર્ટ ખાતે વિમાનને રાખવા




ખાસ ગોડાઉન બનાવવામાં આવ્યું છે. સ્થાનિક એજન્સીઓ, પોલીસ, ફાયર બ્રિગેડ સ્ટેન્ડ બાય રહી મદદ કરી રહી હોવાનું જાણવા મળ્યું છે.આ કાટમાળને વધુ વિગતવાર તપાસ માટે વિદેશની નિષ્ણાત એજન્સીઓને સોંપવામાં આવશે. આ તપાસમાં દુર્ઘટનાના સાચા કારણો જેવા કે ટેકનિકલ ખામી, માનવીય ભૂલ કે અન્ય કોઈ પરિબળોની શોધખોળ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ બનેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશની દુર્ઘટનાએ સમગ્ર શહેરને હચમચાવી દીધું છે. આ ઘટના એક દુ:ખદ સ્મૃતિ બની રહેશે, જે લોકોના હૃદયમાં કાયમ માટે કોતરાઈ જશે. લંડન જવા માટે અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભરનાર આ ફ્લાઈટ ટેક-ઓફની થોડી જ મિનિટોમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં ૨૪૨ યાત્રીઓમાંથી માત્ર એક જ વ્યક્તિ જીવિત બચી હતી, જ્યારે બાકીના તમામ મુસાફરોનું મૃત્યુ થયું હતું. વિમાન અમદાવાદની અતુલ્યમ હોસ્ટેલની છત પર ક્રેશ થયું હતું, જેના કારણે હોસ્ટેલમાં રહેતા ૨૦ વિદ્યાર્થીઓના પણ મોત થયા હતા. આ ઉપરાંત, કાટમાળ નીચે દટાયેલા અન્ય મૃતદેહોને પણ બહાર કાઢવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો અને પશુઓએ પણ આ દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ ઘટનામાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું હતું, જેનાથી રાજ્યમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# કોંગ્રેસ અધ્યક્ષે જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખોની નિમણૂકને તાત્કાલિક અસરથી મંજૂરી આપી

● અમદાવાદ, તા.૨૨

કોંગ્રેસ અધ્યક્ષે ગુજરાતમાં જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખોની નિમણૂકને તાત્કાલિક અસરથી મંજૂરી આપી છે. આ નિમણૂકો સંગઠન સૃજન અભિયાન હેઠળ એક કડક સંગઠનાત્મક કવાયત પૂર્ણ કરે છે.૧૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, ગુજરાતના તમામ જિલ્લાઓમાં ૪૩ એઆઈસીસી નિરીક્ષકો અને ૧૮૩ પીસીસી નિરીક્ષકો – જેમાં રાજ્યના પ્રભારીઓ, સાંસદો, ધારાસભ્યો અને ભૂતપૂર્વ પીસીસી પ્રમુખો સહિત વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે – તૈનાત કરવામાં આવ્યા હતા. ત્યારબાદના દિવસોમાં, એઆઈસીસી નિરીક્ષકોએ પીસીસી નિરીક્ષકો સાથે મળીને તમામ ૨૬ લોકસભા મતવિસ્તારો, ૧૮૨ વિધાનસભા ક્ષેત્રો અને લગભગ તમામ ૨૩૫ બ્લોક કોંગ્રેસ સમિતિઓમાં ક્ષેત્ર મુલાકાતો કરી. નાગરિક સમાજ અને સ્થાનિક સમુદાયો સાથે જોડાણ કર્યુ.કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવેલી આ કવાયત, ૨૦૨૭ ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે પક્ષને તૈયાર કરવામાં એક મહત્વપૂર્ણ પગલું છે.જિલ્લા/શહેર પ્રમુખના નામ ૧. અમદાવાદ શહેર -શ્રીમતી સોનલ પટેલ,૨. અમદાવાદ ગ્રામ્ય – રાજેશકુમાર ગોહિલ,૩. અમરેલી- પ્રતાપ ધુધ્ધાત,૪. આનંદ -અલ્પેશ પડીયાર,૫. અરવલ્લી -અર્જુભાઈ પટેલ,૬. બનાસકાંઠા -ગુલાબસિંહ રાજપૂત,૭. ભરૂચ – રાજેન્દ્રસિંહ રાણા,૮. ભાવનગર ગ્રામ્ય -પ્રવિણભાઈ રાઠોડ,૯. ભાવનગર શહેર -મનોહર સિંહ 'લાલભા',૧૦. બોટાદ – હિંમત કટારિયા,૧૧.છોટા ઉદેપુર – શશીકાંત રાઠવા,૧૨.દાહોદ – હર્ષદભાઈ નિનામા,૧૩. દંગ – સ્નેહિલ ઠાકરે,૧૪.દેવભૂમિ દ્વારકા – પાલભાઈ આંબલીયા,૧૫.ગાંધી નગર – અરવિંદસિંહ સોલંકી,૧૬.ગાંધી નગર શહેર- શક્તિ પટેલ,૧૭.ગીર સોમનાથ – પુંજાભાઈ વંશ,૧૮.જામનગર શહેર -વિરેન્દ્રસિંહ જાડેજા ઉર્ફે દિગ્ગુભાઈ,૧૯.જામનગર ગ્રામ્ય -મનોજ કથીરીયા,૨૦.જૂનાગઢ શહેર – મનોજ જોષી,૨૧.ખેડા – કાળુસિંહ ડાભી,૨૨કચ્છ – વી.કે. હુંબલ,૨૩. મહિસાગર – હર્ષદ શાંતિલાલ પટેલ,૨૪. મહેસાણા – બળદેવજી ઠાકોર,૨૫.મોરબી – કિશોરભાઈ ચીખલીયા,૨૬.નર્મદા -રણજીતસિંહ તડવી,૨૭.નવસારી – શૈલેષભાઈ પટેલ,૨૮.પંચમહાલ -ચેતનસિંહ પરમાર,૨૯.પાટણ -ઘેમ્બરભાઈ પટેલ,૩૦. પોરબંદર -રામભાઈ મારુ,૩૧.રાજકોટ શહેર -ડૉ.રાજદીપસિંહ જાડેજા,૩૨.રાજકોટ ગ્રામ્ય – હિતેશ એમ વ્હોરા,૩૩.સાબરકાંઠા – રામભાઈ સોલંકી,૩૪.સુરત ગ્રામ્ય – આનંદ ચૌધરી,૩૫.સુરત શહેર – વિપુલ બાબુભાઈ ઉધનાવાલા,૩૬.સુરેન્દ્રનગર – નૌશાદ સોલંકી,૩૭.તાપી -વૈભવકુમાર છીતુભાઈ ગામીત,૩૮.વડોદરા ગ્રામ્ય -જસપાલસિંહ પઢિહાર,૩૯.વડોદરા શહેર – ઋત્વિક જોષી,૪૦.વલસાડ- કિશનભાઈ બી પટેલ

અવરજવર કરવાવાળા લોકોને ચાલતાં સ્લીપ થવાનો ડર

# ઝાલોદની વિશ્વાસનગર સોસાયટીમાં રસ્તા બીસ્માર હાલતમાં : લોકોને ભારે મુશ્કેલી

## લોકો દ્વારા રજૂઆત કરવા છતાં પણ કોઈ ધ્યાને લેતા નથી

● ઝાલોદ, તા.૨૨

ઝાલોદ નગરમાં ચોમાસુ શરૂ થતાં રસ્તાઓ ની હાલત ખરાબ જોવા મળી. એમા ઝાલોદ નગર મા વિશ્વાસ નગર સોસાયટી માપાણી નો કોઈ નિકાલ ના હોવાથી અને કાચા રસ્તા હોવાથી ચોમાસા મા સોસાયટી મા આવતા જતા લોકો ને ઘણી તકલીફ નો સામનો કરવોપડે છે.

અવર જવર કરવા વાળા લોકો ને ચોમાસા નાપાણી ને લઈને સ્લીપ મારી જવાનો ડર રહે છે. સાથે જ વાહનોપણપસાર થતા હોવાથી કાદવ કીચડ લોકો ને અવર જવર માપરેશાન કરે છે. આ બાબત ને દયાન મા લઈને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ વિશ્વાસ નગર સોસાયટી ના લોકો હેરાનપરેશાન ના થાય એના માટે રસ્તા ની હાલત કેવી છે એ જઈને જોવુ જોઈએ મૌખિક



રજુઆત કરવા છતા કોઈ ધ્યાને લેતા નથી. એવુ કહેવુ છે. નગર ના વિકાસ અને લોકો હેરાનપરેશાન ના થાય એ હેતુ થી તંત્ર એ વહેલી તકે આનુ સમાધાન લાવવુ જોઈએ.હજી આતો ચોમાસા ની શરૂઆત છે. આખો ચોમાસુ શુ કરી લોકો અવર જવર કરશે? એપણ એક ચીંતા નો વિષય છે. નગર મા લોકો ની સુખ સુવિધા આપવી એજ નગર નો વિકાસ કહેવાય નગરજનો કોઈપણ સુવિધા ના અભાવ થી વંચિત ના રહે એ નગર ના તંત્ર એ ધ્યાન આપવા ની જરૂર છે.

વાગવા ખાતે નદીમાં શખ્સ તણાયો હતો

# બોડેલીના જબુગામ પાસે પસાર થતી ઓરસંગમાં મૃતદેહ તણાઈ આવ્યો

● બોડેલી, તા.૨૨

છોટાઉદેપુર જિલ્લાના ડુંગરવાટ ખાતે આવેલ સુખી ડેમમાંથી સતત છ દિવસથી વરસાદ વરસતા ડેમના બે બારા ખોલવામાં આવેલ હતા જેના કારણે ભારજ નદીમાંપાણીનો પ્રવાહ વધવા માંડ્યો હતો જ્યારે ભારજ્ નદીમાં વાગવા ખાતે એક વ્યક્તિપાણીનો પ્રવાહ વધતા ડૂબી ગયા હતા જેમનું નામ રમેશભાઈ મનસુખભાઈ રાઠવા હોવાનું જણાવ્યું હતું જેની શોધખોળ માટે એન ડી આર એફ ની ટીમપણ ગઈકાલ ના રોજ આવી હતી આખો દિવસ શોધ ખોળ કર્યા બાદપણ એ વ્યક્તિનો કોઈપતો મળ્યો ન હતો જ્યારે આજરોજ સવારના સમયે વાગવા ગામના લોકોપોતાના ગામની વ્યક્તિની શોધખોળ અર્થે ઓરસંગ નદીમાં નીકળ્યા હતા જ્યાં તેમને જાણ થઈ કે કોઈ બોડી જબુગમ નદીમાં જોવા મળી છે જેથી કરીને ગામ લોકો જબુગામ ખાતે આવી તપાસ કરી એન ડી આર એફ ની ટીમ બોલાવી બોડી કાઢવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી જ્યારે બોડી બહાર આવતા ગામ લોકો દ્વારાપુષ્ટિ કરી હતી

અનેપોસ્ટમોર્ટમ અર્થે જબુગામ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા બોડેલીના જબુગામ ઓરસંગ નદી મા એક લાસ તણાઈ આવી, વાગવા ખાતે ડૂબેલ વ્યક્તિ ની બોડી હોવાનું બહાર આવ્યું હતું.

# હાલોલ કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

● હાલોલ, તા.૨૨

સમગ્ર વિશ્વભરમાં ૨૧મી જૂનના રોજને યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેમાં યોગ એક શારીરિક માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી જેમાં ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૧૪ માં સંયુક્ત રાષ્ટ્રના સંબોધનમાં ૨૧મી જૂનની તારીખ સૂચવી ૨૧ જૂનના દિવસે સમગ્ર વિશ્વમાં યોગ દિવસ તરીકે ઉજવવા માટેનો આહવાન કરાયું હતું જે અંતર્ગત ૨૧મી જૂનના રોજ સમગ્ર વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાય છે જેને અનુલક્ષીને આજે ૨૧મી જૂન શનિવારના દિવસે સમગ્ર ભારતભરમાં તેમજ હાલોલપંથકમાંપણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની અલગ અલગ સ્થળોએ ઉજવણી કરવામાં આવી હતી.

રૂપિયા ૪ કરોડના ખર્ચે ડાયવર્ઝનને બનતાં લગભગ ૬ થી ૮ મહિના થયા હતા

# પાવી જેતપુર ભારજ નદીના ડાયવર્ઝનમાં મોટો ભૂવો પડ્યા બાદ રોડ પણ બેસી ગયો

● બોડેલી, તા.૨૨

છોટાઉદેપુર જિલ્લામાં આવેલપાવીજેતપુર ખાતે ભારજ નદીનોપુલ ક્ષતિગ્રસ્ત થતાં બીજી વાર બનાવવામાં આવેલ ડાયવર્ઝનપણ પ્રથમપાણીએ ધોળાવવા માંડ્યો ગઈકાલના રોજ સુખી ડેમમાંથીપાણી છોડવામાં આવતા ડાયવર્ઝનના કેટલાક વિસ્તારમાં ભુવા પડ્યા હતા અને રોડ ઉપરપણ તિરાડો જોવા મળી હતી જ્યારે આજરોજ સવારથી જ ડાયવર્ઝન ઉપર એક તરફનો રોડ બિલકુલ બેસી ગયો હતો અને જાણે બે ભાગલામાં વહેંચાઈ ગયો સાથે અંદરનાપાણી નીકળવાના જેપાઈપ હતા તેપણ છુટાપડી ગયા હતા જ્યારે વહીવટી તંત્ર દ્વારા એને એજપરિસ્થિતિમાંપાઈપો પણ ફીટ કર્યા વિના જ ઉપર રબરનાપથ્થર તથા માટીપુરવામાં આવી રહી હતી એ કેટલું યોગ્ય શુ એ ટકશે ખરું ?

જ્યારે આ ડાયવર્ઝનની વાત કરીએ તો તંત્ર દ્વારા ૨,૩૯ લાખના ખર્ચે પ્રથમ



ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું જ્યારે એ ડાયવર્ઝન ગત વર્ષ વરસાદમાંપહેલાપાણી એ જ ધોવાઈ ગયું હતું જેથી કરીને હાઈવે નંબર ૫૬ ના છોટાઉદેપુર જિલ્લાના તથા મધ્યપ્રદેશના લોકોને અવર જવર કરવા માટે ૩૦ કિલોમીટર જેટલો ફેરોપડતો હતો જેથી કરીને સમગ્ર ચોમાસા દરમિયાન લોકોને ૩૦ કિલોમીટરના ફેરા ફરીને જવુંપડતો હતો ત્યારબાદ જિલ્લાના રાજકીય નેતાઓ દ્વારા ફરી એકવાર ડ્રાઈવરજન બનાવવા માટેપોતાની રજૂઆતો મૂકી તંત્રને અપીલ કરવામાં આવી ત્યારે તંત્ર દ્વારા ૪ કરોડો ઉપરાંત ના રૂપિયાની ફાળવણી કરવામાં આવી રૂપિયા ૪ કરોડના ખર્ચે ડાઈવરજનને બનતા બનતા લગભગ છ થી આઠ મહિના થયા બાદ જ્યારે સિહોદ ખાતે આવેલ ડાયવર્ઝન. ૨૦૨૫ ની સાલ ફરી શરૂ કરવામાં આવ્યું જે ડાઈવરજનપહેલુંપાણી આવતા જ ગઈકાલના રોજ બે થી ત્રણ જગ્યાએ ભુવા જોવા મળ્યા હતા.